**સરદાર પટેલ યુનિવર્સિટીની સંચાલિત અને સંલગ્ન પ્રશિક્ષણ મહાવિદ્યાલયોમાં પ્રવેશ મેળવવા સંબંધી અગત્યની સૂચના**

**સરદાર પટેલ યુનિવર્સિટી**

**વલ્લભ વિદ્યાનગર**

## બે વર્ષીય બી.એડ્.અભ્યાસક્રમ માટે પ્રવેશ જાહેરાત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩

---

યુનિવર્સિટી સંચાલિત અને સ્વનિર્ભર બી.એડ્.કોલેજોમાં બી.એડ્.અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે માન્ય યુનિવર્સિટીમાંથી પાસ થયેલ **સ્નાતક અથવા અનુસ્નાતક ની ડીગ્રીમાં ૫૦% , અથવા એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજીમાં વિજ્ઞાન અને ગણિત વિષયના સ્પેશ્યલાઈઝેશન સાથે સ્નાતક અથવા અનુસ્નાતકની ડીગ્રી ધરાવનાર માટે ૫૫%** (SC/ST/SEBC ને ૫% છુટછાટ રહેશે.) કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ અરજીપત્રક તારીખઃ **૨૯/૦૩/૨૦૨૨** થી **૧૦/૦૪/૨૦૨૨** સુધીમાં યુનિવર્સિટીની વેબસાઈટ **www.spuvvn.edu/studentscorner/admissions/B.Ed/** પર ઓનલાઈન પ્રવેશ પત્રક ભરી શકાશે. અરજદારોએ પ્રોસેસીંગ ઓફ્ એપ્લીકેશન ફોર એડમીશન ફી રૂ. **૨૦૦/-** ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, અથવા નેટ બેંકીંગ દ્રારા ઓનલાઈન ભરવાની રહેશે. પ્રોસેસીંગ ઓફ્ એપ્લીકેશન ફોર એડમીશન ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી. ઓનલાઈન પ્રવેશ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી તમામ સ્નાતક માર્કશીટ, તમામ અનુસ્નાતક માર્કશીટ તથા જાતિ અંગેનો દાખલો(જો લાગુ પડતો હોય તો) સ્વપ્રમાણિત નકલ સહિત રૂબરૂમાં **સોમવાર થી શુક્રવાર સવારના ૧૧:૦૦ કલાક થી સાંજના ૫:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયની પાછળ રૂમ નં. ૧૧૮ માં વેરીફીકેશન કરાવવાનું રહેશે**. અધુરા અને લાયકાત વગરના અરજી ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.

**ફક્ત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ સરદાર પટેલ યુનિવર્સિટીના સ્નાતક(ફ્રેશ) Graduate ના વિદ્યાર્થીઓએ સ્નાતકની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓની સેમેસ્ટર ૬ ની માર્કશીટ આવ્યા બાદ જ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવું. જેની ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની અંતિમ તારીખ હવે પછી થી જાહેર કરવામાં આવશે.**

બી.એડ્. અભ્યાસક્રમમાં કાઉન્સેલિંગ અંગેનું શિડ્યુલ, મેરીટ લિસ્ટ તથા અન્ય તમામ માહિતી ઉપરોક્ત આપેલ વેબસાઈટ પર હવે પછી થી જાહેર કરવામાં આવશે.

યુનિવર્સિટી કાર્યાલય દ્રારા પ્રવેશ અંગેનો કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કે ટેલિફોનીક જાણ કરવામાં આવશે નહી. જેથી યુનિવર્સિટી વેબસાઈટ વખતોવખત જોતાં રહેવું.

**ઓનલાઈન ભરેલ અરજીપત્રકની હાર્ડકોપી સ્વીકારવાની અંતિમ તારીખઃ ૧૧/૦૪/૨૦૨૨ સાંજના ૫:૦૦ કલાક સુધી.**

**વલ્લભ વિદ્યાનગર**

**તારીખઃ૨૯/૦૩/૨૦૨૨**

**કાર્યકારી કુલસચિવ**